RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 251 *Date: 01.07.2025,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# જીવનસાથીની દિવ્યાંગતા પર ટિપ્પણી કે ચરિત્ર પર ખોટા આરોપો ક્રૂરતા ગણાય



પતિ-પત્ની એકબીજાની ખામીઓ કે ચરિત્રને લઈને આરોપો લગાવતા હોય તેવા કિસ્સા કોર્ટ સુધી પહોંચી ચુક્યા છે. આવા જ બે કેસોને લઈને બે હાઈકોર્ટો દ્વારા અલગ અલગ અવલોકન કરાયા હતા. ઓડિશા હાઈકોર્ટે કહ્યું હતું કે પતિની શારીરિક દિવ્યાંગતા પર પત્ની દ્વારા અપમાનજનક ટિપ્પણી કરવી ક્રૂરતા ગણાય, જ્યારે છત્તીસગઢ હાઈકોર્ટે એક કેસમાં કહ્યું હતું કે પત્નીના ચરિત્ર પર પતિ દ્વારા જુઠા આરોપો લગાવવા ક્રૂરતા ગણાય.

પતિને બેકાર, નકામો કહીને પત્ની દિવ્યાંગતા પર ટોણા મારતી હતી, ઓડિશા હાઈકોર્ટે છૂટાછેડા યોગ્ય ઠેરવ્યા

ઓડિશામાં એક કપલના ૨૦૧૬માં લગ્ન થયા હતા, બે મહિના બાદ પતિએ આરોપ લગાવ્યો કે તેની પત્ની તેની શારીરિક નબળાઈને લઈને ટિપ્પણીઓ કરતી હતી, લગ્ન થયા તેના બે મહિના બાદ જ પત્ની ઘર છોડીને માતા પિતા પાસે જતી રહી હતી. વર્ષ બાદ પરત આવી જોકે એક વર્ષ બાદ પાછી પતિનું ઘર છોડીને જતી રહી હતી અને પતિ સામે ૪૯૮-એ હેઠળ ઉત્પીડનની ફરિયાદ કરી હતી. વર્ષ ૨૦૧૯માં પતિએ છૂટાછેડા માટે અરજી કરી જેને ફેમેલી કોર્ટે મંજૂર કરી.

પતિએ એવી દલીલ કરી હતી કે પત્ની તેને વારંવાર નકામો કહીને શારીરિક નબળાઈ પર સવાલો ઉઠાવતી હતી. ફેમેલી કોર્ટે આ પ્રકારની ટિપ્પણીને માનસિક ક્રૂરતા માનીને છૂટાછેડા મંજૂર કર્યા હતા. જોકે કાયમી ભરણપોષણ અંગે કોઈ નિર્ણય નહોતો લીધો. બાદમાં પત્ની દ્વારા હાઈકોર્ટમાં કાયમી ભરણપોષણ માટે અપીલ કરાઈ હતી. ઓડિશા હાઈકોર્ટે છૂટાછેડાને યોગ્ય ઠેરવ્યા હતા અને પતિની શારીરિક દિવ્યાંગતા પર પત્ની દ્વારા વારંવાર ટિપ્પણી કરવાને ક્રૂરતા ગણાવી હતી. સાક્ષીઓના નિવેદનના આધારે આ ટિપ્પણી પત્નીએ કરી હોવાનું કોર્ટમાં સાબિત થયું હતું.

જ્યારે છત્તીસગઢમાં એક પતિએ પત્ની પર લગ્નેત્તર સંબંધો રાખવાનો આરોપ લગાવી છૂટાછેડા માગ્યા હતા, જોકે તે પત્નીના અન્ય પુરુષ સાથેના સંબંધોને સાબિત નહોતો કરી શક્યો ના તો તેણે આ અંગે કોઈ ફરિયાદ કરી હતી. જેને પગલે ફેમેલી કોર્ટે છૂટાછેડાની માગ ફગાવી હતી. બાદમાં ફેમેલી કોર્ટના ચુકાદાને પતિ દ્વારા હાઈકોર્ટમાં પડકારાયો હતો. છત્તીસગઢ હાઈકોર્ટે નોંધ્યું હતું કે આ કેસમાં પતિએ પત્નીના ચરિત્ર પર ખોટા આરોપો લગાવ્યા છે. સાથે જ તેના સાસુ સસરા અને પતિ દ્વારા તેના પર અત્યાચાર પણ થયો છે. પત્ની પર તેના ચરિત્રને લઈને જુઠા આરોપો લગાવવા માનસિક ક્રૂરતા સમાન છે. હાઈકોર્ટે પતિની અપીલ ફગાવી હતી.

# જૂની કાર ખરીદતા હોવ તો આ 3 દસ્તાવેજ જરૂર ચેક કરજો, નહીંતર ખિસ્સાં ખંખેરાઈ જશે



દરેક મધ્યમ વર્ગના વ્યક્તિનું સ્વપ્ન હોય છે કે તેનું પોતાનું ઘર અને કાર હોય. પરંતુ, ઘણી વખત પૈસાના અભાવે, લોકો નવી કાર ખરીદવાને બદલે સેકન્ડ હેન્ડ કાર ખરીદવાનું પસંદ કરે છે. જો તમે પણ ટૂંક સમયમાં સેકન્ડ હેન્ડ કાર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તે કરતા પહેલા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. નહીં તો, તમારે પછીથી મોટી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. મોટાભાગના લોકો કાર કેટલા કિલોમીટર ચાલી છે તે ચેક કરતા હોય છે, જેથી કારના એન્જિનની સ્થિતિનું અનુમાન લગાવી શકાય. પરંતુ એ સીવાટ પણ આ ત્રણ બાબતોનું ધ્યાન રાખવું જરૂર છે, કારણકે તેને અવગણવ થી અપન તમારું ખિસ્સું ખાલી થશે શકે છે. ૧. નંબર પ્લેટ

જ્યારે તમે જૂનું વાહન ખરીદો છો, ત્યારે તમને પહેલેથી જ નંબર પ્લેટ મળી જશે અને આ પ્લેટ તમને ઘણા બધા ખર્ચમાંથી બચાવી શકે છે. ફક્ત https://www.digitalpolicecitizenservices.gov.in/centercitizen/login.htm પર તમે જે વાહન ખરીદી રહ્યા છો તેનો નંબર ચેક કરો. આનાથી તમને ખબર પડશે કે વાહન પર કોઈ કોર્ટ કેસ ચાલી રહ્યો છે કે નહીં. જો એમ હોય, તો તમે તેને ખરીદવાનો ઇનકાર કરી શકો છો.

૨. કારનું ચલણ

શક્ય હોય ત્યાં સુધી ચલણ ન કપાઈએ રીતે વાહન ચલાવવાનો પ્રયાસ કરો. પરંતુ તેમાં છતાં તમે ગમે એટલો પ્રયાસ કરો તો પણ ચલણ કપાય જ છે. હવે આ સામાન્ય છે. પરંતુ તમે જે જૂની કાર ખરીદી રહ્યા છો તેના કેટલા ચલણ એવા છે જે ચૂકવવામાં આવ્યા નથી, આ બધાનો જવાબ તમને https://echallan.parivahan.gov.in વેબસાઈટ પર મળશે. તમારે ફક્ત આ વેબસાઈટ પર વાહનનો નંબર એડ કરવાનો રહેશે. આનાથી ખબર પડશે કે વાહન પર કોઈ પેન્ડિંગ ચલણ છે કે નહીં.

૩. આરસી પર બેન્કનું નામ છે કે નહીં તે ચેક કરો

જૂની કાર ખરીદતી વખતે આરસી લેવું જરૂરી છે. કારણ કે તેના પર બધી વિગતો લખેલી હોય છે. પરંતુ જો આરસી પર બેન્કનું નામ લખેલું હોય, તો વાહન માલિક પાસેથી સીધા બેન્કનું ર્દ્ભંઝ માંગો. જો તે ર્દ્ભંઝ ન આપે, તો સમજો કે એ કાર પર હજુ પણ લોન ચાલુ છે. જો વાહન માલિક ર્દ્ભંઝ આપે છે પણ આરસી પર બેન્કનું નામ લખેલું હોય, તો તેને પણ કાઢી નાખવાનું કહો.

# અમેરિકા જવા ઈચ્છુક ભારતીયો 'O-1' અને 'આઈન્સ્ટાઈન વિઝા'ને શરણે, જાણો આ વિઝા કોને મળે



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ પણ ભોગે અમેરિકામાંથી ગેરકાયદે ઘૂસણખોરોનો દેશનિકાલ કરવા માંગે છે. આ કારણસર તેઓ અમેરિકામાં પ્રવેશવા ઈચ્છુક વિદેશીઓને વિઝા મેળવવાની પ્રક્રિયા વધુ ને વધુ મુશ્કેલ બનાવી રહ્યા છે. અમેરિકા જવા માંગતા ભારતીયો માટે H1-B વિઝા અત્યાર સુધી સૌથી સરળ માર્ગ હતો. હવે ટ્રમ્પ વહીવટીતંત્રમાં એની બેફામ લ્હાણી બંધ થઈ ગઈ છે. જો કે, ભારતીયો પણ કંઈ ગાંજ્યા જાય એમ નથી. ડૉલરિયા દેશમાં દાખલ થવા માટે હવે ભારતીયોએ અમેરિકાના 'O-1' અને 'આઈન્સ્ટાઈન વિઝા' પર આંખ ઠારી છે. ચાલો જાણીએ કે, આ વિઝા શું છે અને કઈ રીતે તથા કોને મળે છે.

H1-B વિઝાની જેમ 'O-1' પણ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. નોન-ઈમિગ્રન્ટ વિઝા એટલે એવો વિઝા જે વિઝાધારકને કાયમી રહેઠાણનો કે કામ કરવાનો અધિકાર આપતો નથી. પ્રવાસન, વ્યવસાય કે અભ્યાસ જેવા ચોક્કસ હેતુઓ માટે અમેરિકામાં કામચલાઉ પ્રવેશ મેળવવા માંગતા હોય અને ભવિષ્યમાં વતન પાછા ફરવાના હોય, એવા લોકોને અપાતા વિઝા નોન-ઈમિગ્રન્ટ વિઝા કહેવાય છે. તેથી O-1 વિઝા એવા લોકો માટે છે જેઓ વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત, કળા, શિક્ષણ, વ્યવસાય કે એથ્લેટિક્સ જેવા ક્ષેત્રોમાં 'અસાધારણ ક્ષમતા' દર્શાવે છે. આ વિઝા ૧૯૯૦ના ઈમિગ્રેશન એક્ટ હેઠળ સ્થાપિત કરાયા હતા. - H1-઼ વિઝાથી વિપરિત O-1 વિઝા માટે કોઈ મર્યાદા થી. અમેરિકા દ્વારા પ્રત્યેક દેશને દર વર્ષે અમુક નક્કી કરેલી માત્રામાં જ H1-B વિઝા અપાતા હોય છે, જેને cap કહેવામાં આવે છે. O-1 વિઝામાં આવી કોઈ મર્યાદા નથી. - O-1 વિઝા મોંઘા છે. તેની અરજીનો ખર્ચ ૧૦,૦૦૦ ડૉલર (રૂ. ૮.૫૫ લાખ)થી લઈને ૩૦,૦૦૦ ડૉલર (રૂ. ૨૫.૬ લાખ) વચ્ચે આવે છે, જે H1-B વિઝા કરતા ૧૦ ગણું વધુ ખર્ચાળ છે.

# SAARCને બદલે નવું સંગઠન બનાવવા તૈયારી, બાંગ્લાદેશ પણ આપી રહ્યું છે સાથ




ભારતની વિરૂદ્ધ મોરચો છેડવામાં અવ્વલ ચીન અને પાકિસ્તાન એક નવી કૂટનીતિ રમવાની તૈયારી કરી રહ્યા છે. અહેવાલ મુજબ, પાકિસ્તાન અને ચીન એક નવા પ્રાદેશિક સંગઠનની રચના કરવાના પ્રસ્તાવ પર કામ કરી રહ્યા છે. આ નવું સંગઠન સાઉથ એશિયન એસોસિએશન ફોર રિઝનલ કોર્પોરેશન ના મહત્ત્વમાં ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ ચીન લઈ આવ્યું છે અને પાકિસ્તાન તેને સમર્થન આપી રહ્યું છે. ચીને હાલમાં જ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનના પ્રતિનિધિઓની એક બેઠક યોજી હતી.

રાજકીય સૂત્રોના હવાલે પાકિસ્તાનના સ્થાનિક અખબારમાં પ્રકાશિત સમાચાર મુજબ, ઈસ્લામાબાદ અને બેઈજિંગ વચ્ચે વાટાઘાટો અંતિમ તબક્કામાં છે. બંને પક્ષ ક્ષેત્રીય એકીકરણ અને સંપર્ક માટે એક નવુ સંગઠન બનાવવા સહમત થયા છે. આ નવુ સંગઠન સંભવિત રૂપે ક્ષેત્રીય બ્લૉક SAARCનું સ્થાન લઈ શકે છે. SAARCમાં ભારત, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા સામેલ છે. ચીન SAARCનો સભ્ય નથી. પરંતુ નવુ સંગઠન બનાવી ચીન દક્ષિણ એશિયાના દેશો પર રાજદ્વારી અને વ્યૂહાત્મક પ્રભાવ જમાવવા માગે છે. SAARCના તમામ દેશો ચીન સાથે ગાઢ આર્થિક સંબંધ ધરાવે છે. દક્ષિણ એશિયાઈ દેશોનું એક શક્તિશાળી સંગઠન SAARC આજે ફક્ત નામ બની ગયું છે. ૨૦૧૪માં કાઠમંડુમાં યોજાયેલી છેલ્લી શિખર બેઠક પછી તેનું દ્વિવાર્ષિક શિખર સંમેલન યોજાયું નથી. ૨૦૧૬ની સાર્ક સમિટ ઈસ્લામાબાદમાં યોજાવાની હતી. પરંતુ તે વર્ષે ૧૮ સપ્ટેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીરના ઉરીમાં ભારતીય સૈન્ય છાવણી પર આતંકવાદી હુમલો થયા બાદ ભારતે ×વર્તમાન પરિસ્થિતિઓ× ને ટાંકીને સમિટમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો. ભારતના ઈનકાર બાદ બાંગ્લાદેશ, ભૂતાન અને અફઘાનિસ્તાને પણ ઈસ્લામાબાદમાં યોજાનારી આ પરિષદમાં આવવાનો ઇનકાર કર્યો હતો. અંતે પાકિસ્તાનને આ પરિષદ રદ કરવી પડી હતી.

તાજેતરમાં ચીનના કુનમિંગમાં પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠક આ સંગઠનને નક્કર આકાર આપવા માટે રાજદ્વારી દાવપેચનો એક ભાગ હતી. આ બેઠકનો ઉદ્દેશ્ય SAARCનો ભાગ રહેલા અન્ય દક્ષિણ એશિયન દેશોને નવા જૂથમાં જોડાવા માટે આમંત્રણ આપવાનો હતો. જોકે, બાંગ્લાદેશની વચગાળાની સરકારે ઢાકા, બેઈજિંગ અને ઈસ્લામાબાદ વચ્ચે કોઈપણ ઉભરતા જોડાણના વિચારને નકારી કાઢ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે ભાગેડુ લલિત મોદીને આપ્યો ઝટકો, હવે BCCIને આપવા પડશે કરોડો રૂપિયા



એન્ફોર્સમેન્ટ ડિરોક્ટેરેટે ભાગેડુ લલિત મોદીને ૧૦.૬૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યા બાદ હવે સુપ્રીમ કોર્ટે પણ ઝટકો આપ્યો છે. લલિત મોદીએ ઈડીની દંડાત્મક કાર્યવાહી વિરુદ્ધ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ઈડીએ દંડ ફટકારેલ રકમ બીસીસીઆઈને ચૂકવવા લલિત મોદીને નિર્દેશ આપવા કોર્ટને વિનંતી કરી હતી. જોકે સુનાવણી કરી રહેલા ન્યાયાધીશ પી.એસ.નરસિમ્હા અને ન્યાયાધીશ આર.મહાદેવનની બેંચે કહ્યું કે, 'લલિત મોદીને કાયદા મુજબ વૈકલ્પિક ઉપાયોનો લાભ મેળવવાનો અધિકાર છે.'

૧૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ મુંબઈ હાઈકોર્ટે લલિત મોદી પર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ ના ઉલ્લંઘન બદલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમને ફટકારાયેલ ૧૦.૬૪ કરોડ રૂપિયાના દંડની ચુકવણી બીસીસીઆઈને કરવા નિર્દેશ આપવાની માંગ કરતી તેમની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, લલિત મોદીએ કરેલી અરજી સંપૂર્ણ ભ્રામક છે, કારણ કે ન્યાયિક સત્તાવાળાઓ હ્લઈસ્છ હેઠળ લલિત મોદીને દંડ ફટકાર્યો હતો. તેણે અરજીમાં કહ્યું કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં મારી ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ હતી.

## તંત્રી લેખ....

## વર્ષના પ્રથમ છ માસમાં લાર્જકેપ શેરોમાં આગેકૂચ જ્યારે મિડ-સ્મોલકેપમાં પીછેહઠ

૨૦૨૫ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્મોલ અને મિડકેપ સૂચકાંકોએ તેમના અગ્રણી સમકક્ષો કરતાં નબળું પ્રદર્શન કર્યું છે. સુચિત સમય દરમિયાન બીએસઈ સ્મોલકેપમાં ૧.૭ ટકા અને બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો થયો છે. તેની તુલનામાં, આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં ૮-૮ ટકાનો વધારો થયો છે.વિશ્લેષકો કહે છે કે ડિસેમ્બર ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં યુએસ ટેરિફ ડર, ભૂ-રાજકીય ચિંતાઓ અને નબળી કોર્પોરેટ કમાણીને કારણે પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્મોલ અને મિડકેપ્સનું પ્રદર્શન નબળું રહ્યું હતું. આના કારણે રોકાણકારો લાર્જકેપ્સ તરફ વળ્યા હતા, જેને સલામત માનવામાં આવે છે. અસ્થિર બજારોમાં પણ મોટાભાગે લાર્જકેપ્સને સલામત શેર માનવામાં આવે છે. બજારના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે માર્ચ ક્વાર્ટરના કમાણી અને ત્યારબાદની ટિપ્પણીઓએ થોડો વિશ્વાસ જગાડયો છે અને રોકાણકારો આગામી કેટલાક મહિનાઓ માટે સ્મોલ અને મિડકેપ્સ શેરો પર નજર રાખશે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં, બીએસઈ મિડકેપ, બીએસઈ સ્મોલકેપ, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકોએ ૧૨થી ૧૮ ટકાની રેન્જમાં પ્રભાવશાળી બે-અંકના વળતર સાથે બજાર કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો. તેની તુલનામાં, સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ સૂચકાંક અનુક્રમે ૮.૬ અને ૯ ટકા વધ્યા હતા.માર્ચ ૨૦૨૫ ક્વાર્ટરની કમાણીની સીઝન અને ટિપ્પણીઓ મોટાભાગના મિડ-એન્ડ સ્મોલકેપ્સ માટે સારી હતી. આનું કારણ એ છે કે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ આ સેગમેન્ટના શેરોમાં રોકાણ કર્યું હતું. જો કે, હવે શેરોની પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન મિડ અને સ્મોલકેપ ઈન્ડેક્સના ૫૦૧ શેરોના બજાર મૂલ્યમાં ૧૮ ટકાથી વધુનો વધારો થયો છે. તેમાંથી ૭૫ શેરોમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે. બજાર વિશ્લેષકો માને છે કે સ્મોલકેપ લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી મજબૂત છે, ભારત એક સ્મોલકેપ બજાર છે. ભારતમાં નાના સ્તરે મજબૂત કંપનીઓ ધરાવે છે.

## ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે ભારત સરકારની પ્રતિક્રિયા,નાણામંત્રીએ કહ્યું, 'શરતો લાગુ થશે..



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ ભારતે જવાબ આપ્યો છે. ટ્રમ્પે અમેરિકા-ભારત વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ સમજૂતી થવાની હોવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, 'હા, કેમ નહી, અમે અમેરિકા સાથે સારી સમજૂતી કરવા ઈચ્છીશું. આ મામલે ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારત અમેરિકા સાથે જરૂર સારી સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે. ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે.'ટ્રમ્પે રવિવારે (૨૯ જૂન) સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ભારત સહિત કેટલાક દેશો સાથે ટ્રેડ ડીલ થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે ૯ જુલાઈની ટ્રેડ ડેડલાઈનને વધારવાની જરૂર નથી. આ ડેડલાઈન તે દેશો માટે નક્કી કરાઈ છે જે અમેરિકા સાથે નવી ટ્રેડ ડીલ કરવા ઈચ્છે છે તેથી વધારે ટેરિફથી બચી શકાય. તેમણે ભારત સાથે ટ્રેડ ડીલ પર પણ કહ્યું કે, આ ખૂબ જ જલ્દી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, 'મને નથી લાગતું કે મારે ડેડલાઈનને વધારવાની જરૂર પડશે. જો ઈચ્છીએ તો વધારી શકીએ છીએ, કોઈ મોટી વાત નથી.'નાણામંત્રીએ અમેરિકા સાથે ટ્રેડ ડેલ કેમ જરૂરી છે, તે અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'આપણે જે સ્થિતિ પર છીએ અને જે પ્રમાણે આપણું લક્ષ્યાંક છે, તે મુજબ આપણે જેટલું વહેલું મજબૂત અર્થવ્યવસ્થાઓ સાથે સમજૂતી કરીશું, તેટલું આપણા માટે સારી વાત છે.'ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આવી રહેલી અડચણો ટૂંક સમયમાં દૂર થઈ જશે. સમજૂતીમાં આઈટી, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિઝ, ઓટોમોબાઈલ સેક્ટર સામેલ હોઈ શકે છે. આમ તો બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અંગે સ્થિતિ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં માહિતી સામે આવી જશે.

સૂત્રના જણાવ્યા મુજબ, અમેરિકા અને ભારત વચ્ચે મુખ્યત્વે કૃષિ, ઓટોમોબાઈલ, ઔદ્યોગિક ઉત્પાદનો અને શ્રમજીવી પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રો પર ડીલ થશે. અમેરિકાને કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સમાં ડ્યૂટીમાં રાહત આપવાથી ભારત માટે પડકારો ઉભા થયા છે. ભારતે મુક્ત વેપાર કરારમાં ડેરી ક્ષેત્રે અત્યારસુધી કોઈ કરાર કર્યા નથી. જેથી આ ક્ષેત્રે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. આ સિવાય અમેરિકા ઔદ્યોગિક ઉત્પાદનો, ઓટોમોબાઈલ્સ ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, વાઈન, પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ, ડેરી, અને કૃષિ પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની ઈચ્છા ધરાવે છે. જ્યારે ભારતે ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, લેધર ગુડ્સ, કપડાં, પ્લાસ્ટિક, કેમિકલ્સ, તેલિબિયાં સહિતની પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની માગ કરી છે.

## શાસ્ત્રીનગરનું શૌચાલય બન્યું વિવાદનો મધપૂડો, કડક કાર્યવાહીના બદલે દંડ ફટકારતાં સ્થાનિકોમાં રોષ



અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારમાં સરદાર પટેલ આવાસ યોજનાની બહાર મોડી રાત સુધી ખાણીપીણી બજાર ધમધમે છે. અહીં વર્ષો પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર શૌચાલય બનાવવામાં આવ્યું હતું. જે ગુરૂવારે રાત્રે કોઈપણ જાતની પૂર્વ મંજુરી વિના દુકાનદાર દ્વારા તોડી પાડતાં વિવાદ વકર્યો હતો. ત્યારબાદ એ.એમ.સી.ના પશ્ચિમ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નોટીસ પાઠવી માત્ર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલી સંતોષ માનવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વ્હાલા દવાલાની નિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જો સામાન્ય વ્યક્તિ દ્વારા રોડ ઉપર કચરો નાખવામાં આવે અથવા દુકાનની બહાર કચરો હોય તો તેના ફોટા પાડી અને સીલ મારી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે આખેઆખું જાહેર શૌચાલય તોડી પાડવામાં આવ્યું હોવા છતાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાના બદલે દંડ ફટકારવામાં આવતાં વિવાદનો મધપૂડો છેડાયો છે. ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ કોર્પોરેશન દ્વારા જાહેર શૌચાલય બનાવાયુ હતું. આસપાસ ખાણીપીણીના સ્ટોલ આવેલા છે અને આસપાસમાં જાહેર શૌચાલય પણ નથી. જેથી આ શૌચાલય સામાન્ય જનતા માટે આર્શિવાદ સમાન છે. એટલું જ નહી અહી નાસ્તા હાઉસ અને ખાણી પીણીના સ્ટોલ હોવાથી આડેધડ વાહનોના પાર્કિંગ કરવામાં આવતા હોવાથી ટ્રાફિકની સમસ્યા થાય છે. જેને લઈને સ્થાનિક રહીશો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને ટ્રાફિક વિભાગને ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવે છે.

# વસ્તી ગણતરી ૨૦૨૭: કેન્દ્રએ રાજ્યોને ૩૧ ડિસેમ્બર સુધીમાં વહીવટી સીમાઓને અંતિમ સ્વરૂપ આપવા કહ્યું

નવી દિલ્હી,

રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનર ઓફ ઈન્ડિયા મૃત્યુંજય કુમાર નારાયણ દ્વારા ૨૭ જૂનના રોજ મોકલવામાં આવેલા સંદેશાવ્યવહાર અનુસાર, કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ પહેલાં વહીવટી અધિકારક્ષેત્રોની સીમાઓમાં કોઈપણ પ્રસ્તાવિત ફેરફારો કરવા જણાવ્યું છે, જ્યારે તેઓ ૨૦૨૭ ની વસ્તી ગણતરી માટે સ્થિર થશે અને દાયકાની વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો આવતા વર્ષે ૧ એપ્રિલથી શરૂ થશે.

આ સ્થગિતીકરણનો અર્થ એ છે કે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો ૩૧ ડિસેમ્બર પછી જિલ્લાઓ, નગરો, ગામડાઓ અને તાલુકાઓની સીમાઓ બદલી શકશે નહીં. વહીવટી એકમોની સીમા મર્યાદા સ્થગિત થયાના ત્રણ મહિના પછી જ વસ્તી ગણતરી હાથ ધરી શકાય છે.

વસ્તી ગણતરી માટે, બધા ગામડાઓ અને નગરોને એકસમાન ગણતરી બ્લોકમાં વિભાજિત કરવામાં આવ્યા છે અને દરેક બ્લોક માટે, વસ્તી ગણતરી દરમિયાન કોઈપણ ચૂક કે પુનરાવર્તન ટાળવા માટે એક ગણતરીકારને સોંપવામાં આવે છે.

''૧ એપ્રિલ, ૨૦૨૬ થી, ઘરયાદી કામગીરી, સુપરવાઈઝર અને ગણતરીકારોની નિમણૂક અને તેમની વચ્ચે કાર્ય વિભાજન કરવામાં આવશે, અને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૭ ના રોજ, વસ્તી ગણતરી શરૂ થશે. એકવાર ગણતરી બ્લોકને અંતિમ સ્વરૂપ આપવામાં આવે પછી, વહીવટી એકમોની સીમાઓ બદલાતી નથી તે મહત્વપૂર્ણ છે,'' નારાયણે તમામ મુખ્ય સચિવોને લખેલા પત્રમાં જણાવ્યું હતું.

તેમણે તમામ વિભાગોને ×૩૧ ડિસેમ્બર પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનો, મહેસૂલ ગામો, તાલુકાઓ, પેટા વિભાગો અથવા જિલ્લાઓની સીમાઓમાં કોઈપણ સૂચિત ફેરફારો કરવા× નિર્દેશ આપવા જણાવ્યું.

×રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ ખાતરી કરવી જોઈએ કે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ અને ૩૧ માર્ચ, ૨૦૨૭ વચ્ચે, જે દરમિયાન વસ્તી ગણતરીનો અભ્યાસ થશે, વહીવટી એકમોની સીમાઓમાં કોઈ ફેરફાર ન થાય. હાલની સીમાઓમાં કોઈપણ ફેરફારની જાણ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તી ગણતરી નિર્દેશાલયો અને ભારતના રજિસ્ટ્રાર જનરલને કરવી જોઈએ. વસ્તી ગણતરી ૨૦૨૭ માટે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ વહીવટી એકમોની સીમાઓ સ્થિર કરવામાં આવશે,× પત્રમાં ઉમેર્યું.

ગણતરીકારો માટે વાજબી કાર્યભાર સુનિશ્ચિત કરવા માટે, વસ્તી ગણતરી માટે વહીવટી એકમને ×બ્લોક× નામના વ્યવસ્થાપિત વિભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. વસ્તી ગણતરી હેતુઓ માટે કાલ્પનિક નકશા પર ગામ અથવા નગરની અંદર એક સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત વિસ્તાર છે.

આને હાઉસલિસ્ટિંગ કામગીરી દરમિયાન હાઉસલિસ્ટિંગ બ્લોક્સ (ૐન્મ્જ) અને વસ્તી ગણતરી (ઈ) દરમિયાન ગણતરી બ્લોક્સ (ઈમ્જ) કહેવામાં આવે છે અને વસ્તી ગણતરી માટે સૌથી નાના વહીવટી એકમો તરીકે સેવા આપે છે.

નારાયણના પત્ર મુજબ, વસ્તી ગણતરી માટે હાઉસલિસ્ટિંગ કામગીરી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થશે, જે દશકિય કવાયતના પ્રથમ તબક્કાની શરૂઆત છે. ×તે પહેલાં, સુપરવાઈઝર, ગણતરીકારોની નિમણૂક અને તેમની વચ્ચે કાર્ય વિતરણ રાજ્યો અને જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી કરવામાં આવશે,× પત્રમાં જણાવાયું છે.

કેન્દ્રએ આ મહિનાની શરૂઆતમાં જાહેરાત કરી હતી કે ૧૬મી વસ્તી ગણતરી આખરે ૧૬ વર્ષના અંતરાલ પછી હાથ ધરવામાં આવશે.

×....કેન્દ્ર સરકાર આથી જાહેર કરે છે કે ભારતની વસ્તી ગણતરી વર્ષ ૨૦૨૭ દરમિયાન લેવામાં આવશે. ઉપરોક્ત વસ્તી ગણતરી માટેની સંદર્ભ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ ના ૦૦.૦૦ કલાક હશે, જેમાં લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના બરફથી બંધાયેલા બિન-સમકાલીન વિસ્તારો અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોનો સમાવેશ થાય છે×, ભારતના રજિસ્ટ્રાર જનરલ અથવા ઈૈં ના કાર્યાલય દ્વારા ૧૬ જૂનના રોજ જારી કરાયેલ સૂચનામાં જણાવાયું છે.

બહુ વિલંબિત વસ્તી ગણતરી, જેમાં જાતિ ગણતરીનો સમાવેશ થશે, તે ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે. અધિકારીઓએ જણાવ્યું છે કે ડેટા સંગ્રહ ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે, પરંતુ ડેટા એકત્રિત કરવા અને તેને પ્રકાશિત કરવાની સમગ્ર કવાયતમાં બે થી ત્રણ વર્ષનો સમય લાગશે.પહેલાથી જ કરવામાં આવેલી તૈયારી પ્રવૃત્તિઓ અંગે, અધિકારીઓએ જણાવ્યું હતું કે બધા રાજ્યોએ સંબંધિત મુખ્ય સચિવો હેઠળ વસ્તી ગણતરી સંકલન સમિતિઓ (ઝઝઝજ) ની રચના કરી દીધી છે. ×જનગણના મૂળ ૨૦૨૦ માં થવાની હોવાથી, ઈૈં એ એપ્રિલ ૨૦૧૯ માં ઝઝઝજ ની રચના માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખી ચૂક્યું છે,× એક અધિકારીએ જણાવ્યું હતું. સમિતિઓમાં વસ્તી ગણતરીના વિવિધ તબક્કાઓનું સંચાલન અને દેખરેખ માટે મહેસૂલ, સ્થાનિક વહીવટ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, ગ્રામીણ વિકાસ અને પંચાયતો, આયોજન શિક્ષણ વગેરે જેવા વિવિધ વિભાગો છે.ઉપરાંત, વસ્તી ગણતરી માટે પૂર્વ-પરીક્ષણ - જે દરેક વસ્તી ગણતરી પહેલા હાથ ધરવામાં આવે છે જેમાં તમામ પ્રશ્નો, પદ્ધતિઓ, લોજિસ્ટિક્સ વ્યવસ્થા, ડેટાની પ્રક્રિયા વગેરેની શક્યતા ચકાસવા માટે તમામ પાસાઓનો સમાવેશ થાય છે - પણ ૨૦૧૯ માં કરવામાં આવ્યું હતું.

## નેપાળમાં ૪.૨ ની તીવ્રતાના ભૂકંપના આંચકા, અધિકારીઓએ આફ્ટરશોક્સની ચેતવણી આપી

કાઠમંડુ,

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (દ્ગઝ્રજી) ના એક નિવેદનમાં જણાવાયું છે કે રવિવારે નેપાળમાં ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. દ્ગઝ્રજી મુજબ, ભૂકંપ ૧૦ કિમીની છીછરી ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તે આફ્ટરશોક્સ માટે સંવેદનશીલ બન્યો હતો.

૮ પરની એક પોસ્ટમાં, દ્ગઝ્રજી એ કહ્યું, ''ઈઊ:ૈંકસ: ૪.૨, તારીખ: ૨૯/૦૬/૨૦૨૫ ૧૪:૧૯:૦૫ ૈંજી, અક્ષાંશ: ૨૯.૩૫ દ્ગ, લાંબો: ૮૧.૯૪ ઈ, ઊંડાઈ: ૧૦ દ્મદ્બ, સ્થાન: નેપાળ.''છીછરા ધરતીકંપો ઊંડા ધરતીકંપો કરતાં વધુ ખતરનાક હોય છે કારણ કે તેમની ઊર્જા પૃથ્વીની સપાટીની નજીક વધુ હોય છે, જેના કારણે જમીન વધુ ધ્રુજારી અનુભવે છે અને માળખાંને નુકસાન થાય છે અને જાનહાનિ વધે છે, ઊંડા ધરતીકંપોની તુલનામાં, જે સપાટી પર મુસાફરી કરતી વખતે ઊર્જા ગુમાવે છે.

નેપાળ ભૂકંપ માટે ખૂબ જ સંવેદનશીલ છે કારણ કે તે એક સંલગ્ન સીમા પર સ્થિત છે જ્યાં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો અથડાય છે. આ અથડામણ ભારે દબાણ અને તાણ ઉત્પન્ન કરે છે, જે ભૂકંપ તરીકે મુક્ત થાય છે. નેપાળ એક સબડક્શન ઝોનમાં પણ આવેલું છે જ્યાં ભારતીય પ્લેટ યુરેશિયન પ્લેટની નીચે સરકી રહી છે, જેનાથી તણાવ અને તાણમાં વધુ વધારો થાય છે.

નેપાળ હિમાલય ક્ષેત્રમાં આવેલું છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોની સતત અથડામણને કારણે તીવ્ર ભૂકંપીય પ્રવૃત્તિનો ઝોન છે. આ અથડામણના પરિણામે ભારતીય પ્લેટ સબડક્શન નામની પ્રક્રિયામાં યુરેશિયન પ્લેટની નીચે ધકેલાઈ જાય છે.



પવિત્ર મોહરમ માસ ચાલી રહ્યો છે. દાઉદી વોહરા સમાજ માત્ર સુરત જ નહી ગુજરાત જ નહી ભારત જ નહી આખી દુનિયામાં આ મોહરમના દસ દિવસ કામ ધંધો વેપાર બંધ રાખે છે નોકરીવાલા નોકરીમાંથી રજા લે છે.વિદ્યાથીઓ શાળા કોલેજમાંથી રજા લે છે.

દાઉદી વોહરા વેપારી અને શાંતિપ્રિય પ્રજા છે.આ દસ દિવસ આખી દુનિયાના દાઉદી વોહરા લોકો સફેદ કપડાં પહેરી સવાર સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં હાજર રહે છે. આ લોકોમાં શિસ્ત સદાચાર ભાઈચારો સંપ અને એકતા આંખે ઊડીને વળગે એવો હોય છે

અમીર ગરીબ નાનામોટા બધા એક જ સાથે સફેદ કપડામાં હાજર હોય છે.

હાલ ચેન્નાઈમાં ડોક્ટર આલિકદર સૈયદના સાહેબ વાએજ ફરમાવી રહ્યા છે. દેશ વિદેશના લાખો લોકો એમાં હાજર છે.

દરેક ઠેકાણે સવાર સાંજ બન્ને સમય ભોજનની સમુહ ભોજનની વ્યવસ્થા હોય છે.

આખી દુનિયામાં ભોજનનું એક જ મેનૂ હોય છે. લાખો લોકો શિસ્તબદ્ધ રીતે ભોજન લે છે ક્યાં કોઈ અરાજકતા કે ધક્કામુક્કી નહી ભોજનમાં અનાજનો એક દાણો પણ દાઉદી વોહરા સમાજ વેસ્ટ કરતો નથી બગાડતો નથી. આ સમાજને એક સાથે સમુહમાં ભોજન કરતો જોવો એ પણ એક લ્હાવો છે. અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા

## સ્પેસ સ્ટેશનમાં કેટલા વાગ્યા હશે? જાણો અંતરિક્ષની ટાઈમઝોન સિસ્ટમ

ભારતના વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર હાલમાં છે. તેઓ તેમના અન્ય ત્રણ સાથીઓ સાથે છ૮-૪ મિશન હેઠળ ૧૪ દિવસ માટે અંતરિક્ષમાં રોકાશે. આ એક પ્રાઈવેટ મિશન છે જેને એક્સીઓમ સ્પેસ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. શુભાંશુના મિશનને લઈને લોકોના દિમાગમાં ઘણાં સવાલ છે કે ત્યાં સમય કેવી રીતે ચાલતો હશે અને તેઓ કેવી રીતે સમયને નક્કી પણ કરતાં હશે. ત્યાં દિવસ અને રાત ક્યારે થાય છે. તેમ જ એનો અંદાજો કેવી રીતે લગાવવામાં આવે છે. આથી ટાઈમ ઝોનને લઈને ઘણાં સવાલો લોકોના દિમાગમાં હશે.

પૃથ્વી પર ૨૪ કલાક એટલે કે એક દિવસમાં એક વાર સુર્યાસ્ત અને સુર્યોદય થાય છે. બીજી તરફ અંતરિક્ષમાં દર ૯૦ મિનિટે સુર્યોદય અને ફરી ૯૦ બાદ સુર્યાસ્ત થાય છે. પૃથ્વી પર જે સમય ૧૨-૧૨ કલાકનો હોય છે ત્યાં એ ૯૦ મિનિટનું હોય છે. આથી અંતરિક્ષમાં અંદાજે ૧૬ વાર સુર્યોદય અને ૧૬ વખત સુર્યાસ્ત થાય છે. સ્પેસ સ્ટેશન ખૂબ જ ઝડપથી પૃથ્વીનું ચક્કર લગાવે છે. એ કરવામાં એને ૯૦ મિનિટ લાગે છે. સ્પેસ સ્ટેશન પૃથ્વીનું ચક્કર લગાવી રહ્યું હોય ત્યારે ૪૫ મિનિટ સુધી સુર્યપ્રકાશમાં અને ૪૫ મિનિટ સુધી અંધકારમાં રહે છે.

૨૪ કલાકની અંદર સ્પેસ સ્ટેશન ૧૬ વાર પૃથ્વીનું ચક્કર લગાવતું હોવાથી એ ૧૬ વાર સુર્યોદય અને ૧૬ વાર સુર્યાસ્ત જુએ છે. અંતરિક્ષમાં દુનિયાભરમાં જે પહેલેથી સ્વીકાર્ય છે એ કોઓર્ડિનેટેડ યુનિવર્સલ ટાઈમઝોનનો ઉપયોગ કરવામાં આવે છે. દુનિયાના અલગ-અલગ દેશને તકલીફ ન પડે એ માટે આ ટાઈમઝોન રાખવામાં આવ્યો છે અને એને ગ્રીનવિચ મીન ટાઈમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







### NOG SS NO - 162
વિષય - રથયાત્રા અષાઢીબીજ
શીર્ષક- પ્રભુની યાત્રામાં મગનુ દાન
પ્રકાર- પદ્ય - શબ્દો - ૫૦

અમદાવાદના આંગણે રથડે બેસી આવ્યા રણછોડ શ્રી ધરને નીરખવા હજારો ની મેદની જાકમજોળ આનંદ ઉલ્લાસ સાથે જય રણછોડ ના નાદે ગુંજી રહી છે
કર્ણાવતી
સ્કંદ પુરાણના આધારે જો સમજીએ તો ભગવાન જગન્નાથજી ની રથયાત્રામાંનો પ્રારંભ ઈન્દધુમ્ન નામના રાજા એ કર્યો ભગવાન ને રથરુઢ કરી સોનાની સાવરણી થી ભગવાન ના માર્ગ ને વાળ્યો જેને પહિંદ વિધિ કહેવાય માં આવે છે
જ્યારે જ્યારે આપણા કર્ણાંવતિ નગરની રથયાત્રા નીકળે ત્યારે પ્રસાદ માં મગ . કેરી અને જોંબુ જેવા પ્રસાદ નું વિતરણ થાય છે પા?ચીન કહેવત પ્રમાણે કે “ મગ ચલાવે પગ “ ધામધૂમથી રાજાધિરાજ ના દર્શન કરી ને માનવ મહેરામણ થી છલકાતી બજારો દશ્ય માન થાય છે
એક આનંદ નો અવસર ઉજવાય છેપ

- રેખા રસિક નાકરાણી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### Nog SSO NO : 229
વિષય : રથયાત્રા
શિર્ષક: જીવન એક રથયાત્રા
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૫૦

યાત્રા એટલે કોઈ એક જ ચોક્કસ સ્થળેથી નિયત હેતુ માટેનો સંગાથ સાથે કે વિના બીજા સ્થળ ચોક્કસ સ્થળ માટેનું પ્રયાણ યાત્રા કહેવાય.પરંતુ વિશ્વમાં સૃષ્ટિના સર્જનહાર શ્રીકૃષ્ણ તેમના મોટાભાઈ બલરામ અને બેન સુભદ્રા ના સંગાથે જગન્નાથપુરીમાં નગરચરિયા માટે નીકળેલા રત્ની સવારી હિન્દુઓના મોટા તહેવાર રથયાત્રા તરીકે વર્ષોથી પ્રચલિત બનેલી છે.

અમદાવાદમાં રથયાત્રા વહેલી સવારથી શ્રી જગન્નાથજીના મંદિર જમાલપુર થી નીકળીને નિર્ધારિત સ્થળોથી વિચરતાં ભગવાનના મોસાળ સરસપુરમાં પહોંચતા વિશ્રમ માટે આરામ,ભોજન અને મોસાળાનો આનંદ મેળવે છે. ત્યારબાદ ફરીથી પ્રયાણ કરતા શહેરના વિવિધ માર્ગોથી નીકળીને ભક્તજનોને દર્શન કરાવતાં ભક્તિરસમાં તરબોળ કરાવીને સાંજે જગન્નાથજીના મંદિરે સ્વસ્થાને પહોંચી સંપૂર્ણ થાય છે.

અષાઢી બીજ ના પવિત્રદિને અન્ય દેશો કે નગરોમાં પણ આવી રથયાત્રાઓ નીકળીને પ્રભુજગન્નાથ ભાવિક ભક્તોને દર્શન કરાવે છે. રથયાત્રા ની જેમ માનવીનું જીવન પણ કોઈ ચોક્કસ હેતુ માટે પૃથ્વી પર અવતરીને જીવનભર યાત્રા કરતાં સારા-નરસા અનેકાનેક અનુભવો મેળવી પ્રભુના ધામમાં વિલીન થઈ જાય છે.

જીવનયાત્રા દરમિયાન દરેકને વિવિધ નાના-મોટા સ્થળો, અનુભવો,વાહનો, સાથ-સંગાથો કે પાપપુણ્યના ચકરાવાઓમાંથી પસાર થવું પડે છે. રથયાત્રાની જેમ જીવનનું સંચાલન યોગ્ય હક્કો સાથે ફરજો બજાવવાના સુકર્મો કરીને જ કરી શકાય. જીવનના પણ નિયત ધારાધોરણો પાળવાથી જીવનયાત્રા સફળ બનાવી શકાય.

નગરોની રથયાત્રામાં હાથી-ઘોડા જેવી સવારીઓ, કસરતો અને આંગપ્રદર્શનોના પ્રયોગો માટેના અખાડાઓ, ભજનમંડળીઓ, સાધુ-સંતોની ટોળીઓ અને અબાલવૃદ્ધ ભક્તજનોને ભક્તિસાગરમાં હિંલોળા લેતા નજરે પડે છે. પ્રભુદર્શનનો લાભ લઈ દરેક પોતાની જાતને ધન્ય માને છે. વળી અષાઢી બીજના દિવસથી જ બીજા વર્ષની રથયાત્રાની પ્રતીક્ષા શરૂ કરી દે છે જે ભક્તિની સમર્થતા સૂચવે છે.

પ્રભુ જગન્નાથ પોતાના નગરજનોને મળવા જાતે રથમાં સવાર થઈને સામેથી પ્રજાજનોનું નિરીક્ષણ કરી નગરચર્યા કરવા અને તેમના દર્શન દેવા નગરના માર્ગો પર નીકળી પડે છે - એવો આ અદભુતપવિત્રતાનો રથયાત્રાનો તહેવાર છે. આ દિવસે તમામ ચોઘડિયા શુભ મનાતા હોવાથી નવા ઘરના ગૃહ પ્રવેશ,વાસ્તુપૂજન, નવાવાહનની ખરીદી, વિદ્યાભ્યાસ,યાત્રાઓની શરૂઆત તેમજ વિવાહ જેવા કાર્યોનો પ્રારંભ રથયાત્રાના દિવસે શુભ મનાય છે.

સફળ માનવજીવનના રથના ચાર પૈડાઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ગણાય છે. જીવન જીવતા આવડે તો પ્રભુને સારથી બનાવી કલ્યાણકારી માર્ગે પોતાની ફરજોબજાવવામાં સત્ય, ન્યાય, નીતિ અને પરિશ્રમપૂર્વકનું જીવનકવન રાખવું જોઈએ.જેનાથી શ્રીમદ ભગવતગીતામાં ઉદબોધેલા માર્ગે કર્મના સિદ્ધાંતો પ્રમાણે પુણ્યનું ભાથું બાંધતા પ્રયત્ પ્રભુના ચરણ કમળમાં શરણ મળતા મોક્ષની પ્રાપ્તિ થઈ જાય!

★લેખક- "પ્રાપશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No: 356
શીર્ષક: જગન્નાથપુરી રથયાત્રા
શબ્દો: ૬૬. પ્રકાર : પદ્ય

રથડે સવાર, જગનો નાથ, એ જગન્નાથ,
યાત્રા કરી પુરી, પહોંચી જશે જગન્નાથપુરી!

સુભદ્રા સંગે દીસે સંગાથે વીર બળભદ્ર,
યાત્રા કરી પુરી, પહોંચી જશે જગન્નાથપુરી!

ભક્તો નાચશે, ગાશે, સૌ હર્ષોલ્લાસે,
યાત્રા કરી પુરી, પહોંચી જશે જગન્નાથપુરી!

બીરાજશે નીજ મંદિરે, મુર્તિ જેની અધુરી,
યાત્રા કરી પુરી, પહોંચી જશે જગન્નાથપુરી!

વેણુ 'સુરીલી' વાગશે, લાપસી મીઠી રાંધશું,
યાત્રા કરી પુરી, પહોંચી જશે જગન્નાથપુરી!

નામ: સુમીતા હીરપરા 'સુરીલી' (વડોદરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS NO: 375
વિષય : અષાઢી બીજ રથયાત્રા
શીર્ષક : બોસ્ટનની રથયાત્રા
પ્રકાર : લેખ શબ્દો : ૩૫૦

અષાઢી સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાય છે. સૌથી મોટી મહાયાત્રા ઑડિશાનાં પૂરી શહરમાં યોજાય છે અને ભારતનાં બીજા ઘણાં નાનાં મોટાં શહેરોમાં પણ હવે રથયાત્રાનું માહાત્મ્ય વધવા લાગ્યું છે એટલે સુધી કે વિદેશોમાં પણ આ તહેવારની ઉજવણી કરાય છે.
અમેરિકાનાં ઉત્તર -પૂર્વીય તટ પર વસેલા અમુક રાજ્યો જેને ‘‘નોર્થ ઈસ્ટ’’ પ્રદેશ કહેવાય છે , ત્યાં યોજાતી રથયાત્રા વિશે અહીં વાત કરશું. નોર્થ ઈસ્ટ માં ‘‘મેસેચઊસેટટ્સ’’ રાજ્યમાં બોસ્ટન શહેરમાં પ્રસ્થાપિત “ ઈસ્કોન’’ સંપ્રદાયના કૃષ્ણ મંદિર તરફથી દર વર્ષે રથયાત્રાની ઊજવણી થાય છે. અહી પ્રથમ સવારે મંદિરમાં ભક્તજનો એટલે દીવેટીઓ સ્નાન કરીનેભોગ માટે પ્રસાદ બનાવવાનાં કાર્યમાં લાગી જાય છે. આ મંદિરમાં મોટે ભાગે દીક્ષા લીધેલા અને ચુસ્ત વૈષ્ણવ ધર્મ પાળનારા ભકતો જ રસોડામાં પ્રવેશી શકે. બીજી તરફ રાધા -કૃષ્ણ અને ભગવાન જગન્નાથજી, બેની સુભદ્રા અને દાઉ બળભદ્રની પ્રતિમાઓને પણ શણગારવામાં આવે છે.

આ યાત્રામાં વપરાતો રથ 'ન્યુ યોર્ક ‘‘શહેરથી મંગાવવામાં આવે છે , જે આ સમય દરમ્યાન આજુબાજુનાં રાજયોમાંથી યાત્રા કરીને ફરતો ફરતો બોસ્ટન પહોંચે છે. યાત્રા માટે સરકારી વિભાગ પાસેથી મંજૂરી લઈને પછી એનો માર્ગ નક્કી કરાય છે . મંદિરનાં પરિસરમાંથી પસાર થઈ ,એક -દોઢ માઈલ જેટલી યાત્રા કરી, સરઘસમાં જોડાયેલા ભક્તો અને અન્ય ભક્તો એક મોટું પબ્લિક ગાર્ડન જેને ,’’ બોસ્ટન કૉમન્સ’’ કહેવામાં આવે છે, ત્યાં પહોંચે છે. બોસ્ટન કોમનસમાં મોટો મેળાવડો જેવો ભરાય છે , અમુક તંબુઓ ઊભા કરેલા હોય છે જેમાં ધાર્મિક પુસ્તકો, ભારતીય વસ્તુઓ અને ધાર્મિક ઉપદેશોને પ્રચાર કરાય છે.

મોટાંમોટાં ટ્રકમાં મંદિરમાંથી પ્રસાદ લાવીને પછી અહી ભકતોમાં વહેંચાય છે . પ્રસાદમાં એક- બે શાક , પૂરી , ભાત અને શીરો હોય છે.આજ પ્રસાદ સામગ્રી બંનાવવાનો ઈસ્કોન મંદિરનો નિત્યક્રમ છે , કોઈવાર કોઈ જાતનું શરબત અને ખીર પણ હોય. પછી પ્રસાદ લઈને મોટે ભાગે લોકો છૂટાં પડે છે. પ્રસાદ વિતરણ પછી
દીવોટીઓ રથ લઈને મોડી સાંજે પાછા મંદિર ભેગા થાય છે .
આવી રીતે વર્ષોથી બોસ્ટનમાં રથયાત્રા ઊજવાય છે ,જેનો લહાવો અહી વસેલા ભારતીયો અને અન્ય સંસ્કૃતિનાં શ્રધહળુઓ પણ લે છે. આ વર્ષે પણ શનિવારે આ રથયાત્રા યોજાઈ હતી .થોડાં આછાં વરસાદથી કશોય ખલેલ પડ્યો ન હતો. વિદેશમાં જન્મેલા અને રહેતા ભારતીયો માટે ધાર્મિક અને સાંસ્કૃતિક
આભાર - નિહારીકા રવિયા મૂલ્યોને જાળવવા અને ભારતીય સમાજને એકત્ર લાવવાં માટે આવા કાર્યક્રમો અગત્યનો ભાગ ભજવે છે . ફૂલ નહીં પણ ફૂલની પાંદડી અને પૂર્ણ શ્રદ્ધા રહીને ભકતજનો ધન્યતાનો અનુભવ કરે છે .
- જાગૃતિ દોશી, મોક્ષા ( અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### *NOG* *SS* *No.* *0185.*
વિષય:- રથયાત્રા
શીર્ષક:- દર્શન યાત્રા
પ્રકાર:- કાવ્ય, શબ્દ સંખ્યા:- ૧૩૭

હૃદયે ખુશી ને ભાવથી સૌ ઝૂમે, ને જગતના નાથની નગરે રથયાત્રા,
અષાઢી બીજે જગન્નાથ, સુભદ્રા, બલદેવજીની પ્રેમે નગરે રથયાત્રા,
કેવા દયાળુ ને કૃપાળુ, નગર યાત્રાએ દર્શન દેવા આવે જગન્નાથજી,
ભક્તો ડૂબ્યા ભક્તિના માર્ગે, ભાવોથી વધાવે પ્રેમે સૌ જગન્નાથજી,

રાજા ને રંક સૌ આવે મંદિરે, ને રાજા બીજે કરે પહિંદ વિધિ ભાવે,
સોના સાવરણીથી કરે સફાઈ મંદિરે, ને નીકળે યાત્રા ભક્તિ ભાવે,

ભજન મંડળીએ ઢોલ નગારાં વાગે, ને ટ્રકમાં ટેબ્લોએ કસરત થાય,
આસોપાલવ ને ફૂલોની માળાએ, શણગારોત્સવથી આનંદિત થાય,

જય રણછોડ માખણ ચોર, ને જય જગન્નાથના નારે ગૂંજે માહોલ,
પર્યાવરણ, ઓપરેશન સિંદૂર, સંરક્ષણના સંદેશાઓ પ્રતીકે અપાય,

નીરખ્યા નાથને ને આંખે અશ્રુ સર્યા, ને ગગનમાં મેહ ઝરમર વરસે,
ભીનાશે ભાવો ઉભર્યા, ને સમૂહે નૃત્યમાં થનગનતા સૂરે ગાન વરસે,

નગરયાત્રાએ ના નાત જાતનો ભેદ, સમાન ભાવોથી દર્શને સૌ ઝૂમે,
‘ઝરૂખો’ કરે મંદિરે દર્શન અંતર ભાવથી, ને વિભોર થઈ ઉમંગે ઝૂમે.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS 0092
વિષય- રથયાત્રા
શિર્ષક- ભ્રમણ મૃત્યલોકનું
પ્રકાર -પદ્ય શબ્દો- ૧૩૨

જગત ભ્રમણે નીકળ્યાં,
જેમનું નામ છે જગન્નાથ.
જોવી છે ભક્તોની સ્થિતિ,
પકડવો છે એમનો હાથ.

હાલ તો બીમારીમાંથી ઉઠ્યાં ને,
ચિંતા ભક્તોની કરે દિન રાત.
ભક્તો કાજે આવે દોડીને,
જેને કહેવાય છે 'જગનો તાત'.

કોઈ મોસાળા કરે ને,
કોઈ નોખાં- નોખાં કરે લાડ.
જાંબુ, મગને ક્યાંક ખીચડી લઈને,
ભક્તોની પડી છે ધાડ.

હાથી સુંદર શોભતાં,
ઢોલ ત્રાંસા વાગે અપાર.
શું તમારો ઠાઠ છે પ્રભુ!
સોના રૂપાના ધર્યા શણગાર.

લઈ સંગે ભગિની ને ભ્રાતા,
પ્રીતિ તમે અનેરી બતાઈ.
અમીદ્રષ્ટિથી જીવનો સજાવી,
મારા શહેરને આપી મોટાઈ.

જોયું જે કાંઈ યાત્રામાં એને,
તમ કોમળ હૃદયે ધરજો.
દૂર કરવા આ નગરના દુઃખોને,
પ્રભુ હવે વાર જરાયે ના કરજો.

ભરોસો છે સહુને તમારામાં,
જતન એના કરજો.
સ્નેહ,સફળતા,સમૃધ્ધિ ને સાહસથી,
સહુના જીવનને ભરજો.
અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG.SS.No. 0098
વિષય:- રથયાત્રા ,અષાઢી બીજ
પ્રકાર:- ગધ્ય શીર્ષક:- આસ્થાનો મહાપર્વ
શબ્દ :- ૨૦૫

જગન્નાથ રથયાત્રા ઉડીસાના પુરી નગર માં દર વર્ષે આષાઢી બીજ માં નીકળવાવાળી એક ભવ્ય અને દિવ્ય યાત્રા છે. જેમાં ભગવાન જગન્નાથ ,ભાઈ બલભદ્ર અને સુભદ્રા વિશાળ રથોમાં સવાર થઈ ગુંડીચા મંદિરે જાય છે આ યાત્રા ભક્તો માટે અત્યંત પાવન ગણાય છે.

જગન્નાથ રથયાત્રા સનાતન આસ્થા નું મહાપર્વ છે. જગન્નાથ રથયાત્રા માત્ર એક શોભાયાત્રા નથી અપિતુ આ પ્રતીક છે ભગવાનના લોક થી ભક્તોના લોક સુધી ઉતરવાનું. ભગવાન પોતે મંદિરની સીમાંથી બહાર આવીને નગર ભ્રમણ કરતા ભક્તોને દર્શન આપે છે .વિશેષ કર એના માટે જે લોકો મંદિરમાં પ્રવેશી ના શકે. આ દર્શાવે છે કે ઈશ્વર બધા માટે એક જ સમાન છે. રથોની વિશેષતા અને નામ
ત્રણો રથો ના નામ આકાર અને રંગ જુદા- જુદા હોય છે .ભગવાન જગન્નાથનો રથ "નંદીઘોષ "લાલ- પીળો રંગનો હોય છે .બલભદ્રનો રથ "તાલધ્વજ "લાલ - લીલા રંગનો હોય છે અને સુભદ્રાજી નો રથ "દર્પદલન" કાળા -લાલ રંગનો હોય છે . ઊંચાઈ ધ્વજ લાકડી અને પૂજાની વિધિ પરંપરાગત નિયમોથી નિર્ધારિત હોય છે જે કે રથયાત્રાને પવિત્ર બનાવે છે.

રથ યાત્રામાં લાખો શ્રધ્ધાળુઓ ભાગ લે છે જેમાં બધી જાતિ ,વર્ગ અને ધર્મના લોકો સમાન રૂપથી ભાગ લઈ ભગવાનના રથને ખેંચી પુણ્યતા અનુભવે છે અને ભગવાનની કૃપા પ્રાપ્ત કરે છે. આ પર્વ નવ દિવસ સુધી ચાલે છે અને શ્રદ્ધા ,શક્તિ અને આત્મિક શુદ્ધિ નો પ્રતીક ગણાય છે.
"ૐ જગન્નાથાય નમ:"
લીના શર્મા .....હાલોલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 184
વિષય :-રથયાત્રા
શીર્ષક :-રંગ છે ગજરાજને
પ્રકાર :- પધ - શબ્દ :- ૯૯

શ્રી મહાપ્રભુ, શ્રી જગન્નાથજીની રથયાત્રા છે ભક્તિ;
અષાઢી સુદ બીજ એટલે રથયાત્રાના ઉત્સવની સ્તુતિ.

રથયાત્રામાં સાથ આપે છે બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી,
ત્રિદેવ ભીંજવે છે નગરજનોને દર્શાવી સનાતન સંસ્કૃતિ.

સારંગપુર મોસાળે ભગવાનનો વિસામો, પ્રસાદ ને મોસાળું;
રથનો વિરામ સમજાવે છે સનાતની સંબંધોની આસક્તિ.

ડીજેનો ઘોંઘાટ, ટોળાની ચિચિયારીથી બેકાબૂ થયા ગજરાજ;
કોઈને પણ ઈજા કર્યા વિના ગલીમાં ભાગી કરી એમણે આરતી.

થયું હોત તો શું ને કેટલું થયું હોત, પણ રંગ રાખ્યો ગજરાજે;
રથયાત્રામાં અબોલ જીવે શીખવાડી માણસને સાચી પ્રવૃત્તિ.
હસમુખ બી. પટેલ 'હર્ષ'- 'પરખ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS. NO - 0050
શબ્દ - જગતનો નાથ, જગન્નાથ
પ્રકાર - ગદ્ય, શબ્દ - ૧૬૮

.......?............................. આષાઢી બીજ ભગવાન જગન્નાથની રથયાત્રા ઋષિઓએઓ આ દેહને રથ કહ્યો છે. જગન્નાથજીને કળિયુગના સાક્ષાત ભગવાન કહેવાય છે. પુરીમાં દર બાર વર્ષે મૂર્તિ બદલાવવામાં આવે છે. નગરમાં અંધકાર કરાવાય છે. ત્યારે મંદિરમાં પ્રવેશ બંધ કરાય છે. પૂજારી આંખે કાળી પટ્ટી બાંધે છે. હાથમાં મોજા પહેરે છે. મૂર્તિમાંથી બ્રહ્મ પદાર્થ નવી મૂર્તિમાં મુકાય છે.
મહેસુસ કરાય છે. બે અષાઢ માસ હોય ત્યારે કરાય છે. તેને નવ કલર કહેવાય . કંસના તેડાથી અક્રૂરજી બાળકૃષ્ણને ગોકુળથી રથમાં બેસાડીને મથુરા લાવ્યાં ત્યારથી રથયાત્રા ઉજવાય છે. અષાઢમાં ઓળઘોળ બની અવની પર અનાધાર વરસે છે. જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાજીનું ષોડશોપચાર કરી પૂજન કરાય છે. પ્રભુનાં રથનું દોરડું ખેંચે ભક્તવૃંદ રથયાત્રામાં ઉમંગે ભાગલે છે. આસ્થાથી પર્વ ઉજવાય છે .સ્વય જગત પિતા જગતનો નાથ ભક્તોને મળવા નગર ચર્ચાએ આવે છે. કચ્છી નવ વર્ષ ઉજવાય છે. પુરીના મંદિરમાં પગ મુકતાં સમુદ્રની લહેરો નાં અવાજ સંભળાતાં બંધ થાય ને મંદિરની બહાર આવતાં જ અવાજ સંભળાય છે. કયારે મંદિરનાં શિખરે પક્ષી બેસતાં નથી. વિમાન પાસ થતું નથી. ક્યારેય પડછાયો પડતો નથી મંદિરની ધજા રોજ બદલાય છે . મંદિરમાં બનતોષ્ક પ્રસાદ ક્યારેય ઓછો થતો નથી. પ્રભુની લીલાં..!
રાગિની શુક્લ "રાગ" મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No: 371
વિષય: રથયાત્રા અષાઢી બીજ
શીર્ષક: જગતનો નાથ પ્રકાર: અછાંદસ
શબ્દો: ૮૧

અષાઢી બીજને મારો વાલો નિકળ્યો ફરવાને,
છે આજે મારા વાલાની રુડી નીકળી રથયાત્રા.
કરે રથ પર સવારી ને સાથે બલભદ્રવીર શોભે,
લઈ બેની સુભદ્રાને સાથે કરે જુઓ નગરયાત્રા.
લોકો સૌ ફુલ ચોખે વધાવે આંગણીયા સજાવે,
આજ જગતના નાથની નિકળી છે રથયાત્રા.
આવે રોજ ભકતો મંદિરીએ દર્શન કરવા કાજ,
નિજ ભક્તોને મળવાને કરે આજ નગરયાત્રા.
લોક હૈયું આજ હિલોળે ચડયું દર્શનને કાજ,
નાચે ઝુમે નારા સાથે નગરમાં નિકળે રથયાત્રા.
ચાંદની ઉતારે પ્રેમે આરતી આંગણે આવે હરિ,
માખણ-મીસરી ખાતા સૌ સાથે કરે નગરયાત્રા.
ડૉ ભાવના એન જોષી "ચાંદની "વડોદરા

# એસ. આર. મિડીયા એન્ડ કૉમ્યુનિકેશન્સ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સમાચાર પત્રોની ભાષા અંગે ચિંતન કરતી "સત્ત્વ" ગોષ્ઠી યોજાઈ



એસ. આર. મિડીયા એન્ડ કૉમ્યુનિકેશન્સ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સેક્ટર- ૧૫માં ન્હ્રઈ કેમ્પસમાં યુનિવર્સિટી બિલ્ડીંગ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શનથી પત્રકારત્વ વિભાગ ખાતે એક સકારાત્મક, સર્જનાત્મક અને સાત્વિક ચિંતન કરતી ×સત્ત્વ× ગોષ્ઠીના પ્રથમ કાર્યક્રમમાં "અષાઢસ્ય પ્રથમ અખબાર" શિર્ષક હેઠળ સમાચાર પત્રોની ભાષા અંગે સર્જનાત્મક ચિંતન અને મનન કરતી ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગોષ્ઠીમાં ઉદઘાટક પદે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય રીટાબહેન પટેલ, અતિથિ વિશેષ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ રમેશભાઈ ઠક્કર અને કેએસવીના કેમ્પસ ડાયરેક્ટર ડો.કેયુરભાઈ શાહ તથા મુખ્ય વક્તાઓ તરીકે પાટનગરના પ્રથમ દૈનિક ×ગાંધીનગર સમાચાર×ના પૂર્વ તંત્રી અને ચાર દાયકાના અખબારી અનુભવનો સમૃદ્ધ સમુદ્ર એવાં કૃષ્ણકાન્ત જહા, જાણીતા કોલમિસ્ટ, લેખક, ચિંતક, વક્તા તથા પૂર્વ અધિક માહિતી નિયામક અને ગુજરાત મેગેઝીનના પુર્વ મેનેજિંગ એડિટર પુલકભાઇ ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા. આ ગોષ્ઠીનું વિષયોચિત સંચાલન જાણીતા નાટ્ય અને ફિલ્મ લેખક તથા ચિંતક જીગરભાઈ રાણાએ કર્યુ હતું.

ગોષ્ઠી દરમ્યાન વાચકો વતી જીગરભાઈ રાણાએ વક્તાઓને સવાલો પૂછ્યા હતા જેના જવાબમાં કૃષ્ણકાન્ત જહાએ આ ગોષ્ઠીના વિચારને ×વાવાઝોડા સામે દીવો લઈને ચાલવા જેવો× ગણાવતા કહ્યું હતું કે ×જોડણી માટે વાચકો હજુ પણ જાગૃત છે તેવો મારો દાવો છે, વ્હોટ્સએપ યુનિવર્સિટીમાં જે શબ્દો ચાલે છે તે શબ્દો પ્રિન્ટ મીડિયામાં ચાલતા નથી. હેલોજન ગમે તેટલો પ્રકાશ આપે પણ વંદન તો દીવાના અજવાળામાં જ થાય, આજે અનેક ન્યુઝ ચેનલ્સ છે છતા અખબારો ચાલે છે, જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવીત છે ત્યાં સુધી અખબારો ચાલશે. વિશ્વાસનીયતા માટે આજે પણ પ્રિન્ટ મીડિયા આગળ છે. લખાયેલો શબ્દ આજે પણ ઈશ્વરની વધુ નજીક છે, અંગ્રેજીના આક્રમણને ખાળવા ગુજરાતી અખબારો અડીખમ બને એ જરૂરી છે. પત્રકાર હકીકત પર લખે છે જ્યારે સાહિત્યકાર કલ્પના આધારિત લખે છે.×

પુલકભાઈ ત્રિવેદીએ કહ્યું હતું કે ×મારી દ્રષ્ટિએ પત્રકાર અને સાહિત્યકાર બંને સાથે ચાલે છે પત્રકાર લખે છે તે ઉતાવળે લખાયેલું અને સાહિત્યકારે લખેલું નિરાંતે લખાયેલું હોય છે. પારસીઓ ગુજરાતીમાં નબળા હતા પરંતુ તેમણે પ્રથમ અખબાર શરૂ કર્યું હતું. તેઓ જોડાક્ષર બોલી શકતા નહોતા તેથી તેના બીબા બની શક્યા નહીં અને શબ્દ આખા જ છપાતા હતા આજે પણ ફારસી શબ્દો ગુજરાતીમાં વપરાય છે. નર્મદના કારણે અખબારોની ગુજરાતી ભાષા બધું શુદ્ધ બની છે. ગાંધીજીએ ચાર દાયકા પત્રકારત્વ કર્યું, તેઓ પહેલા પત્રકાર હતા પછી રાજનેતા હતા. સામાન્ય રીતે બોલચાલમાં જે બોલાય છે તે લખાતું નથી અને જે લખાય છે તે બોલાતું નથી. જો તંત્રીઓ જાગૃત રહેશે તો પત્રકારત્વ ટકી રહેશે. ભાષા સંવર્ધન માટે શબ્દ ભંડોળ વધારવું જરૂરી છે. ગુજરાતી પત્રકારત્વ ૧૫૦-૨૦૦ શબ્દોમાં જ ફરે છે સમાચાર બદલાય છે, પણ શબ્દો એના એ જ રહે છે.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ રમેશ ઠક્કરે પ્રતિભાવ આપતાં કહ્યું કે ×આ એક સુંદર વિચાર છે, સમગ્ર ઉપક્રમ ખુબ સરસ રહ્યો છે. નવી પેઢીને ગુજરાતી ભાષા સમજવાની તાલાવેલી તો છે પણ તેને ભણાવે તેવા શિક્ષકો નથી. આ પ્રકારના કાર્યક્રમ યોજાવા જોઈએ. કેએસવીના કેમ્પસ ડાયરેક્ટર ડો.કેયુરભાઈ શાહે સમગ્ર કાર્યક્રમને ઉત્તમ ચિંતન ગણાવતા કહ્યું હતું કે ×બાળક જે ભાષામાં સપના જુએ તે ભાષામાં ભણાવવો જોઈએ, બાળક ગુજરાતીમાં સપના જુએ સાથે ગુજરાતીમાં વાંચન કરે તે પણ જરૂરી છે.× કાર્યક્રમનું સંચાલન યુવા કવિ અંકુર શ્રીમાળીએ કર્યું હતું અને ગોષ્ઠીનું સંચાલન જીગરભાઈ રાણાએ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન કેએસવી પત્રકારત્વ વિભાગના પ્રિન્સિપાલ મિતેશભાઇ મોદીએ કર્યું હતું જયારે કાર્યક્રમના સમાપને આભાર દર્શન મુખ્ય આયોજક સમીર રામીએ કર્યું હતું.



આજરોજ રાજ્યસંઘના હોદ્દેદારો દ્વારા અધિક મુખ્ય સચિવ શ્રી એ બી પટેલ સાહેબનીરૂબરૂ મુલાકાત લેવામાં આવી જેમાં રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો દ્વારા મુદ્દાસર સચોટ રજૂઆત કરતા નીચે મુજબની સૂચનાઓ જિલ્લા કક્ષાએ આપવા બાબતની ચર્ચા સાહેબે કરી.જે શિક્ષકના ફરજનું સ્થળ અને નિવાસસ્થાન સિવાય મતદારયાદીમાં નામ જે જગ્યા પર ચાલતું હોય ત્યાંના ર્ભ્નના હુકમો થયા હોય તો તે બદલવામાં આવશે.જે શિક્ષક ત્રણ વર્ષથી વધુ સમયથી બીએલઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેઓના પુનઃ હુકમ થયા હોય તો તે બદલવામાં આવશે.શારીરિક અશક્ત શિક્ષકો કે નિવૃત્તિ ની નજીક હોય તેવા શિક્ષકોને ર્ભ્નની ફરજમાંથી મુક્ત કરવામાં આવશેસમગ્ર રાજ્યમાં માત્ર પ્રાથમિક શિક્ષકોના જ સૌથી વધુ હુકમો થયેલ છે તેની જગ્યાએ અન્ય કેડરના કર્મચારીઓને પણ બી.એલ.ઓ તરીકે નિમણૂક આપવામાં આવશે



શેત્રુંજય ઉત્સવ અંતર્ગત અરિહંત શાંતિવર્ધક શ્વે.મૂ.પૂ.જૈન સંઘ દવારા સિદધાચલગિરી નમો નમઃ કાર્યક્રમ યોજાયો


# ૨૦૨૫-૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં ગુજરાત સરકારની માલિકીની કંપનીઓનો શેર બજારમાં ડંકો વાગ્યો: BSE સેન્સેક્સ અને નિફ્ટીને પાછળ છોડ્યા

ગુજરાતમાં રાજ્ય સરકારની માલિકીની કંપનીઓએ શેરબજારમાં પોતાનો ડંકો વગાડ્યો છે. આ કંપનીઓ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (૨૮ માર્ચથી ૩૦ જૂન સુધી) મ્જીઈ સેન્સેક્સ અને નિફ્ટી જેવા મુખ્ય સૂચકાંકોના રિટર્નને વટાવી ગઈ છે. આ નોંધપાત્ર સિદ્ધિ આ કંપનીઓની મજબૂત નાણાંકીય સ્થિતિ અને વ્યૂહાત્મક સંચાલન દર્શાવે છે, જે એક અગ્રણી આર્થિક કેન્દ્ર તરીકે ગુજરાતનું સ્થાન મજબૂત બનાવે છે.ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત દેશનું 'ગ્રોથ એન્જિન' બન્યું છે. આજે ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક રીતે વિકસિત રાજયોમાંનું એક બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં સતત આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકારની માલિકીની કંપનીઓનું બજારમાં મજબૂત પ્રદર્શન રાજ્યની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ છે.

શેરબજારના તાજેતરના ડેટા અનુસાર, ભારતીય શેરબજાર- મ્જીઈ અને દ્ગજીઈ પર લિસ્ટેડ ગુજરાતની કંપનીઓએ નોંધપાત્ર ઉછાળો નોંધાવીને એકંદર માર્કેટ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. સોમવારે મ્જીઈ સેન્સેક્સ ૮.૦૦% વધીને ૮૩,૬૦૬.૪૬ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮.૪૯% વધીને ૨૫,૫૧૭.૦૫ પર બંધ થયો હતો. તેનાથી વિપરીત, ગુજરાત સરકારની માલિકીની ઘણી કંપનીઓએ ડબલ ડિજિટમાં વૃદ્ધિની ટકાવારી નોંધાવી હતી. આ વૃદ્ધિ બજારમાં તેમનું મજબૂત સ્થાન અને સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.આ યાદીમાં સૌથી ટોચ પર ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (ય્સ્ઙ્ઘઝ) છે, જેણે ૫૫.૨૩%નો જબરદસ્ત વધારો નોંધાવ્યો, અને તેના શેરનો ભાવ ?૨૬૫.૩૫ થી વધીને ?૪૧૧.૯૦ થયો. ત્યારબાદ બીજા સ્થાને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પાવર કંપની લિમિટેડ (ય્ૈંઁન) એ ૨૧.૩૧%નો મજબૂત વધારો નોંધાવ્યો, જેનો શેરભાવ ?૧૮૦.૨૦ થી વધીને ?૨૧૮.૬૦ થયો છે. ત્યારબાદ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (ય્જીહ્લઝ) એ ૧૫.૩૧% નો વધારો નોંધાવ્યો, જેના શેરનો ભાવ ?૧૭૭.૩૦ થી વધીને ?૨૦૪.૪૫ થયો, જ્યારે ગુજરાત ગેસ લિમિટેડની શેરની કિંમતમાં ૧૪.૩૦% નો વધારો જોવા મળ્યો, જે ?૪૧૨.૬૦ થી વધીને ?૪૭૧.૬૦ થયો. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (ય્જીઁન) અને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (ય્દ્ગહ્લઝ) એ પણ અનુક્રમે ૧૨.૨૯% અને ૧૧.૬૦% નો વધારો નોંધાવીને સારું પ્રદર્શન કર્યું છે.

આ શાનદાર કામગીરી ગુજરાતના સરકારી માલિકીના સાહસોના વ્યૂહાત્મક વિઝન અને કાર્યકારી કાર્યક્ષમતાને પ્રતિબિંબિત કરે છે, જે સ્પર્ધાત્મક બજારના માહોલમાં પણ સતત વિકાસ કરી રહ્યા છે. રાજ્ય સરકારે હંમેશાં ટકાઉ વિકાસ, નવીનીકરણ અને રોકાણકારોના વિશ્વાસને મહત્વ આપ્યું છે.





અમદાવાદ ના રહેવાસી છેલ્લા ૧૫ વર્ષ થી અમેરિકા ખાતે સ્થાય પારસી પેન્ની ( ન્યુજર્સી ) ખાતે યોજાયેલ પ્રાઈમરી મ્યુનિસિપલ કાઉન્સિલ ની ચૂંટણી યોજાયેલ જેમાં ગુજરાતી વિજેતા થયા પજીગર શાહ. જગદીશ શાહ કાઉન્ટી કમિટી મા મોરીસ કાઉન્ટી રિપબ્લિકન પાર્ટી ના ઉમેદવાર તરીકે વિજેતા જાહેર થતા ગુજરાતી ઓ નું ગૌરવ વધાર્યુ છે આ ચૂંટણી માં મેયર તરીકે જેમ્સ બાબરીઓ. કાઉન્સિલર ફ્રેન્ક નેગેલિયા અને જીગર શાહ. તથા જગદીશભાઈ શાહ (રીપ્રેઝેનટીટીવ) તરીકે વિજેતા જાહેર થતા ગુજરાત નુ ગૌરવ વધાર્યુ છે

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે પ્રાધ્યાપકોનો સત્કાર સમારોહ યોજાયો

સરકારી વિનયન કૉલેજ અમીરગઢમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. મંજુલાબેન પરમાર, પ્રા. મુકેશકુમાર અને ડૉ. હિરેન ચૌધરીની બદલી એમ.એન. કૉલેજ, વિસનગર ખાતે થતા કોલેજ પરિવાર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત ડૉ. વર્ષા ચૌધરી દ્વારા સુંદર પ્રાર્થના દ્વારા કરાવવાંમાં આવી હતી. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ડાભી ગિરિવર, ડાભી શિલ્પા બા, મહેન્દ્ર દેસાઈ વગેરે દ્વારા પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. આ પ્રસંગે ડૉ. નિતીન જાદવ અને મહેશ પ્રજાપતિ તેમજ વિદાયમાન પ્રાધ્યાપકો દ્વારા પોતાના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થી અને સ્ટાફ તરફથી સ્મૃતિ ચિહ્ન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળો સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. નરેશ જોષી દ્વારા કરવામાં આવી હતી.

# મેયરશ્રી એ તેમની ગ્રાન્ટ માંથી મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે રથ ટાઈપની ૦૨ નંગ શબવાહિની સોંપી







ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે, તા. ૩૦ જૂન ૨૦૨૫ના રોજ મુક્તિધામ, સેક્ટર-૩૦ ખાતે રથ ટાઈપની ૦૨ નંગ શબવાહિની માનનીય મેયરશ્રી શ્રીમતી મીરાબેન પટેલના વરદહસ્તે સોંપવામાં આવી.આ શબવાહિનીઓની ખરીદી વર્ષ ૨૦૨૪-૨૫ માટે માન. મેયરશ્રીના લોકસુવિધા તથા વિકાસના કામોની ગ્રાન્ટમાંથી કરવામાં આવી છે. દરેક રથ ટાઈપ શબવાહિનીનો ખર્ચ રૂ. ૨૨.૭૭ લાખ થયો છે અને કુલ રૂ. ૪૫.૫૪ લાખના ખર્ચે બે શબવાહિનીઓ ખરીદવામાં આવી છે.આ શબવાહિનીઓથી જનતાને સમયસર અને સન્માનજનક અંતિમયાત્રાની સુવિધા પ્રાપ્ત થશે અને આ સેવા શહેરના મુક્તિધામોમાં ઉપલબ્ધ રહેશે.આ દરમિયાન નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતાશ્રી અનિલસિંહ વાઘેલા તેમજ કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.